આર.ટી.ઓ.એ બે વર્ષમાં ૬૭ વાહનો ડીટેઈન કરી ૧૨.૭૨ લાખ દંડ વસૂલ્યો

● કમોસમી વરસાદમાં ખેતપાકોને નુકસાન બદલ ખેડુતોને ૨૪૨૩ લાખની સહાય

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯ દરમિયાન કમોસમી વરસાદથી ખેતપાકોને કેટલુ નુકશાન થયુ માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લાના ચારેય તાલુકામાં થઈને કુલ ૯૨૩૪૯ હેકટર વિસ્તારમાં ખેતપાકોને નુકશાન થયુ હતુ. જેમાં દહેગામ તાલુકામાં સૌથી વધુ ૩૧૫૬૨ હેકટર વિસ્તારમાં તેમજ ગાંધીનગર તાલુકામાં ૨૩૦૧૯ , કલોલ તાલુકામાં ૧૬૭૪૮ અને માણસા તાલુકામાં ૨૧૦૨૦ હેકટર વિસ્તારમાં વિવિધ ખેતપાકોને નુકશાન થયુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ નુકશાની બદલ રાજય સરકારે ખેડુતોને કેટલી સહાય ચુકવી તેવા પેટા પ્રશ્નના અનુસંધાને કૃષિમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાવાયા મુજબ ચારેય તાલુકામાં સહાય ચુકવવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકામાં ૧૦૫૪.૮૧ લાખ, ગાંધીનગર તાલુકામાં ૪૭૭.૧૬, કલોલ તાલુકામાં૩૧૪.૨૪ અને માણસા તાલુકામાં ૫૭૭.૨૪ સહીત કુલ ચારેય તાલુકામાં ૨૪૨૩.૪૫ લાખની સહાય ચુકવવામાં આવી છે. જયારે બાકી રહેતા કીસ્સામાં પણ શક્ય તેટલી વહેલી સહાય ચુકવવામાં આવશે.

● આર ટી ઓએ બે વર્ષમાં ૬૭ વાહનો ડીટેઇન કરાયા ૧૨.૭૨ લાખનો દંડ કર્યો

ગાંધીનગર આર ટી ઓ કચેરીએ છેલ્લા બે વર્ષમાં વિવિધ ગુન્હાઓ બદલ વાહનો ડીટેઈન કરીને રૂ ૧૨.૭૨ લાખનો દંડ વસુલ્યો છે. દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે આ અંગે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં વાહન વ્યવહાર મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાંથી ૬૭ વાહનો ડીટેઈન કરાયા છે. જયારે ડીટેઈન કરેલા વાહનો અન્વયે આર ટી ઓ કચેરીએ રૂ ૧૨.૭૨ લાખનો દંડ વસુલ્યો છે.

● જિલ્લામાં વાવેતરનો ડ્રોન ફોટોગ્રાફી સર્વે કરવા ૧૭.૧૩ લાખ ખર્ચાયા

ગાંધીનગર જિલ્લામાં ખેતપાકોને અનુલક્ષી વાવેતર વિસ્તારના અંદાજોના નિયમિત તથા ચોક્કસ આંકડા મેળવવા સેટેલાઈટ ઈમેજ અને ડ્રોન ફોટોગ્રાફી દ્વારા સર્વે કરાયો તે અંગેની વિગતો રજુ કરવા

● અનુસંધાન પાના - ૭ પર

વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

સંસ્કૃતિ કુંજમાં લોકનૃત્યોનો રંગારંગ પ્રારંભ...

સરકારી શાળાઓનું શિક્ષણસ્તર સુધારાશે

બજેટમાં શિક્ષણ વિભાગનને ૩૧૯૫૫ કરોડ : રાજયની ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એકસલેન્સ તરીકે વિકસાવાશે : ચાલુ વર્ષે પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડ

અમદાવાદ, તા.૨૬

આ વખતના બજેટમાં સૌથી વધુ જોગવાઈ સરકાર દ્વારા શિક્ષણવિભાગ માટે લગભગ રૂ.૩૨ હજાર કરોડ જેટલી કરવામાં આવી છે. નાણાંમંત્રીએ આ અંગે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે, મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે કેળવણી એટલે બાળકના શરીર , મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કરણ , વર્ગખંડોમાં ઘડાઈ રહેલ ભારતના ભાવિને ઉજ્જવળ બનાવવા અમારી સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા સ્કૂલ ઓફ એકસલન્સ યોજનાની જાહેરાત કરાય છે, જે અંતર્ગત ઉત્કૃષ્ટ શાળાઓ બનાવી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરાશે. રાજયની આવી ૫૦૦ શાળાઓને સ્કુલ ઓફ એકસલન્સ તરીકે વિકસાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, તાલુકાના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને આ સ્કૂલમાં વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપવામાં આવશે. આવી શાળાઓમાં તમામ અદ્યતન માળાખાકીય સુવિધાઓ, સ્માર્ટ

અંદાજપત્રમાં ગાંધીનગર

- પ્રકાશ જહા

- ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. લેકાવાડા ગાંધીનગર ખાતે વિવિધ ભવોના બાંધકામ માટ રૂ. ૭૫ કરોડની જોગવાઈ.
- દહેગામ સી.એચ.સી.ને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર શહેરમાં ૨૪x૭ પાણી વિતરણ માટે રૂ. ૨૪૦ કરોડની યોજનાનું આયોજન.
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રોની કામગીરી આગળ ધપાવવા માટે રૂ.૪૦૬ કરોડની જોગવાઈ.
- ગિફટ સીટી માટે શેરમૂડી ફાળા પેટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- ગાંધીનગરમાં કર્મચારીઓને ઉત્તમ સુવિધાયુકત મકાનો ઉપલબ્ધ કરાવવા રૂ. ૧૨૩ કરોડના ખર્ચે ૫૪૮ મકાનોનું બાંધકામ પૂર્ણ થયું છે. આ તેમજ ૧૪૫૬ કવાટર્સનું કામ રૂ. ૪૦૯ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. ભવિષ્યમાં રૂ. ૩૫૦ કરોડના ૧૩૪૫ કવાર્ટસ બનાવવાનું આયોજન કરેલ છે.
- ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ અને ટ્રાન્સમિશન કોર્પોરેશનને શેરમૂડી ફાળા પેટે રૂ. ૨૭૫ કરોડની જોગવાઈ.
- ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડના પાવર જનરેશન યુનિટોના આધુનિકરણ અને રેટ્રોફિટીંગ માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ.
- ગુજરાત વાયબ્રન્ટ સમિટના આયોજન માટે રૂ. ૯૫ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર માટે નવી પોલીસ કમિશનરની કચેરીની રચના કરાશે.

પાક વિમાનું પ્રીમિયમ ભરવા બજેટમાં ૧૧૯૦ કરોડ

ગાંધીનગર,તા.૨૬

નાણામંત્રી નીતિન પટેલે આજે પોતાના બજેટમાં કૃષિલક્ષી બહુ મહત્વની અને મોટી જાહેરાતો કરતાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા આ વખતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.૭,૪૨૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજયના ખેડૂતોની આવક બમણી કરવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારે સિંચાઈ માટેની સુવિધાઓ , વિના વ્યાજે પાક ધિરાણ , પાક વીમો , બિયારણ , ખેત ઓજારો અને ખાતરની ખરીદીમાં સહાય, પાક -ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી જેવી અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. રાજયના ખેડૂતો સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેન્ક મારફત દર વર્ષે આશરે રૂ.૩૯, ૦૦૦ કરોડનું ટુંકી મુદતનું પાક ધિરાણ મેળવે છે. જેનું સંપૂર્ણ વ્યાજ રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા બેન્કને ચુકવવામાં આવે છે. આમ , ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે એટલે કે વ્યાજ રહિત પાક ધિરાણ મળે છે, જે માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ સિવાય રાજય સરકારની ભલામણ ધ્યાને લઈ ભારત સરકારે પાક વીમા યોજના ખેડૂતો માટે મરજિયાત બનાવવાની જાહેરાત કરેલ છે . પરંતુ જે ખેડૂતો પાક વીમો લેવા ઈચ્છતા હશે તેમને મદદ કરવા પાક વીમાનું પ્રીમિયમ ભરવા રૂ.૧,૧૯૦ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સિવાય

● અનુસંધાન પાના - ૭ પર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં રવિવારે પૂ. જ્ઞાનવત્સલ સ્વામીનું પ્રવચન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તેની પ્રતિષ્ઠિત અર્ક વ્યાખ્યાનમાળાના આગામી તબક્કામાં પૂ. શ્રી જ્ઞાનવત્સલ સ્વામીના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા જણાવે છે કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના ૨૫મા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત શ્રી બોચાસણવાસી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનના સંત પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવત્સલ સ્વામી 'પ્રસન્નતા-જીવનનો અર્ક' વિષયે પોતાનું વક્તવ્ય આપશે.

તારીખ ૧લી માર્ચ ને રવિવારના રોજ સવારે ૯.૪૫ કલાકે ખિમજી વિસરામ હૉલ, ગેટ નં. ૬, સર્વ વિદ્યાલય પરિસર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

પ્રખર અભ્યાસુ પૂજ્ય સ્વામીજીના પ્રેમાળ અને પ્રેરણાદાયી વક્તવ્યમાંથી જીવન જીવવાની જડીબુટ્ટી મેળવવા સૌ ભાવકોને સંસ્થા વતી તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

રાજયના રસ્તાઓનાં રિસર્ફેસિંગ માટે ૩૬૦૦ કરોડ

અમદાવાદ, તા.૨૬

રાજયના બજેટમાં માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૧૦,૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે, જેમાં સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રીકાર્પેટ ના થયા હોય તેવા બાકી રહેતા ૧૫૦ તાલુકાના ૨૪૯ રસ્તાઓની ૧૧, ૨૦૦ કિલોમીટર લંબાઈના રસ્તાઓનું રિસરફેસીંગ રૂ.૩૬૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. જેમાં ૫૦૦ કિલો મીટર લંબાઈના પ્લાન તેમજ નોનપ્લાન ગ્રામ્ય માર્ગોનો પણ સમાવેશ થાય છે, જે માટે રૂ.૧૪૩૬ કરોડની જોગવાઈ કરાઈ હોવાનું નાણાંમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં કેટલાક પુલો દાયકાઓ જૂના છે, સરકાર દ્વારા જરૂરી સર્વે બાદ નબળા કે જર્જરિત જણાયેલ પુલોનું મજબૂતીકરણ કે પુન : બાંધકામ કરવામાં આવશે આ માટે આ વર્ષે રૂ.૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે. વળી, વારંવાર અકસ્માત થતા હોય તેવા રસ્તાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સેફટી ઓડિટ કરાવી, જરૂરિયાત મુજબના તાંત્રિક સુધારા કરવાથી અકસ્માત થતા અટકાવી શકાય તેથી આ કામગીરી માટે પ્રાથમિક તબક્કે રૂ.૨૬ કરોડની જોગવાઈ થઈ છે. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે જેમાં રાજયના ૩૦૦૦ કિલો મીટરના ગ્રામ્ય માર્ગોને પહોળા કરવાની કામગીરી રૂ.૧૮૦૦ કરોડની અંદાજિત કિંમતે હાથ ધરવાનું આયોજન છે . જે અંતર્ગત વિવિધ કામો માટે રાજયના ફાળા તરીકે પ્રારંભિક રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તો, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨૫૦૦ કરોડની જોગવાઈ જે પૈકી બહારના રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે રૂ.૧૧૫૯ કરોડ, અન્ય જિલ્લા માર્ગો , મુખ્ય જિલ્લા માર્ગો અને થ્રુ રૂટને પહોળા કરવાની કામગીરી માટે રૂ.૨૯૧ કરોડ, હયાત કોઝવે , ડીપ, સાંકડા નાળાને સ્થાને ઊંચા પુલોના બાંધકામ માટે રૂ.૨૮૬ કરોડ, ખૂટતી કડી તથા ખૂટતા નાળાના બાંધકામ માટે રૂ.૧૨૦ કરોડ, મહાનગરો , બંદરો , ઔદ્યોગિક વિસ્તાર , પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૧૫૩૪ કિલોમીટરના ૬૩ રસ્તાઓના અનુભાગોને ફોર - લેન બનાવવાની કામગીરી રૂ ૨૯૬૩ કરોડના ખર્ચે કરવાનું આયોજન હાથ ધરાયું છે. આ સિવાય રૂ.૧૨૦૬ કરોડની અંદાજિત રકમનાં ૪૧ નવા પુલોની કામગીરી પ્રગતિમાં છે તો, વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત રાજય ધોરીમાર્ગોને પહોળા, મજબૂત તથા નવીનીકરણની કામગીરી રૂ ૧૯૩૮ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.

અર્બન હેલ્થ સેન્ટર માટે વસ્તીનો માપદંડ ઘટાડાતાં ૨૧ નવાં અર્બન હેલ્થ સેન્ટર બનશે

હવે ૫૦ હજારની વસ્તીને બદલે ૧૦ હજારનો માપદંડ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકારે તેના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં અર્બન હેલ્થ સેન્ટર માટે વસ્તીના માપદંડને ઘટાડીને ૧૦ હજારનો કરવાનો મહત્વનો નિર્ણય એ દિલ્હીમાં મહોલ્લા ક્લીનીકના અભિગમને આધાર બનાવી લીધો છે. રાજય સરકારે કરેલા આ નિર્ણયને પગલે ગાંધીનગરમાં નવા ૨૧ અર્બન હેલ્થ સેન્ટરો બનાવવાના થશે. અર્થાત્ હવે દરેક સેક્ટરમાં દવાખાના જે બંધ થયા હતા તે પુનઃ જીવીત થશે.

જો કે સેક્ટરોના દવાખાનામાં તબીબોની જગ્યાઓ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તબીબોની જે જગ્યાઓ ખાલી છે તેને લઈ હજુ અસમંજસમાં સરકાર હોવાનું મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરની વસ્તી ૨૦૧૧ પ્રમાણે ૨.૨૫ હજાર છે. હવે ૨૦૨૧માં વસ્તી ગણતરી નવી થશે ત્યારે કેટલા અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવાના થશે તે પરિણામો ગણતરીના જાહેર થાય તે પછી નક્કી થશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ચાર અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. આમ ૨૧ નવા અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરવાના થશે. જો કે વસ્તી વૃદ્ધિને ધ્યાને રાખી મનપાના તંત્રએ વધુ એક અર્બન હેલ્થ સેન્ટર આપવાની દરખાસ્ત સરકારને કરી છે.

હવે ૫૦ હજારની વસ્તીને બદલે ૧૦ હજારની વસ્તીનું માપદંડ રાખવાના નિર્ણયની જાહેરાત સરકારે આજે અંદાજપત્રમાં કરી છે.

ગાંધીનગર માટે

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

ફક્ત ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

WANTED

B.Sc. / M.Sc. / Chemistry / D. Pharma

Preference to Gandhinagar Local

Bipson Surgical Pvt. Ltd.

Plot No. 14 Industrial Area, Nr. G.T.S., Sector 30, Gandhinagar - 382030, Gujarat.

Contact (M) : 9328044788

બેસણું - સુંવાળા

રસિકભાઈ બ. ગજ્જરના ધર્મપત્ની તે જીજ્ઞેશભાઈ રસિકભાઈ ગજ્જરના

પૂજ્ય માતુશ્રી અ.સૌ. મંજુલાબેન રસિકભાઈ ગજ્જર

સંવત ૨૦૭૬ મહાવદ અમાસ તા. ૨૩-૨-૨૦૨૦ ને રવિવારે અક્ષરનિવાસી થયા છે. સદ્‌ગતનું બેસણું-સુંવાળા તા. ૨૭-૨-૨૦૨૦ ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : ૧૩, શિવસંકલ્પ સોસાયટી, અમીકુંજ ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ.

લિ. રસિકભાઈ બબલદાસ ગજ્જર

ગોવિંદભાઈ બબલદાસ ગજ્જર
રમણભાઈ બબલદાસ ગજ્જર
અ.નિ. ચીમનભાઈ બબલદાસ ગજ્જર
ચન્દ્રકાન્તભાઈ બબલદાસ ગજ્જર
જીજ્ઞેશભાઈ રસિકભાઈ ગજ્જર
હેતલબેન જીજ્ઞેશભાઈ ગજ્જર
વંશ જીજ્ઞેશભાઈ ગજ્જર
મનીષાબેન કલ્પેશકુમાર ગજ્જર
સોનલબેન રાહુલકુમાર ઠાકુર

ફર્મ : જગદીશ ઓફસેટ

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

ભરતભાઈ નટવરલાલ ગજ્જર ● કિરીટભાઈ નટવરલાલ ગજ્જર
અ.નિ. નટવરલાલ મોહનલાલ ગજ્જર પરિવાર (પેથાપુરવાળા)

કૃમિમુક્ત બાળક : તંદુરસ્ત બાળક

૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

મોપ અપ રાઉન્ડ 3 માર્ચ ૨૦૨૦

શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં

- કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે.
- સંપૂર્ણ શારીરીક અને માનસિક વિકાસ સંપૂર્ણ પણે થતો નથી.

કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલું છે.

૧-૧૯ વર્ષનાં બધાજ બાળકોને સ્કુલ અને આંગણવાડીમાં કૃમિ નિયંત્રણ (ચાવવાની) ગોળી નિઃશુલ્ક આપવામાં આવશે.
સ્કુલ ન જતાં અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આ દવા નજીકની આંગણવાડીમાં ખવડાવો.

જિલ્લા આરોગ્ય તંત્ર, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com